# પ્રસાર ભારતી
## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-Nov-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રતન ટાટાની ચિરવિદાયને એક મહિનો થઈ ગયો છે પરંતુ તેમની ગેરહાજરી માત્ર રાષ્ટ્રમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં વર્તાઇ રહી છે
2) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, દેશમાં વધતા જતા માર્ગ અકસ્માતો અને તેમાં થતાં મૃત્યુને રોકવા માર્ગ સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાશે..
3) ભારતીય હવામાન વિભાગે આજે તામિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં વાવાઝોડાં અને ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી
4) નેધરલેન્ડ્સમાં ફૂટબોલ મેચ દરમિયાન ઇઝરાયલી સોકર ચાહકો પર હુમલો કરાયો
5) દક્ષિણ આફ્રિકાના ડર્બન ખાતે ગઈકાલે રાત્રે રમાયેલી પ્રથમ ટી 20 ક્રિકેટ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 61 રનથી હરાવ્યું

## *PM RATAN TATA*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, સાચું નેતૃત્વ માત્ર વ્યક્તિની સિદ્ધિઓથી નહીં પરંતુ સૌથી વધુ નબળા લોકોની સંભાળ રાખવાની ક્ષમતા દ્વારા મપાય છે તે બાબત ઉદ્યોગપતિ અને પરોપકારી રતન ટાટાનુ જીવન યાદ અપાવે છે.. એક રાષ્ટ્રીય દૈનિકમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, રતન ટાટાની ચિરવિદાયને એક મહિનો થઈ**

ગયો છે પરંતુ તેમની ગેરહાજરી માત્ર રાષ્ટ્રમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સમાજના દરેક વર્ગમાં ઊંડે ઊંડે અનુભવાય છે. પ્રધાનમંત્રી કહ્યું કે, રતન ટાટાએ જે જીવનને સ્પર્શ્યું હતું અને જે સપનાઓને તેમણે પોષ્યા તેમાં જીવંત છે. તેમણે કહ્યું, અનુભવી ઉદ્યોગપતિઓ, ઉભરતા ઉદ્યોગસાહસિકો અને મહેનતુ વ્યાવસાયિકો તેમની ખોટ પર શોક વ્યક્ત કરે છે. તેમણે કહ્યું હતું કે રતન ટાટા યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત હતા અને એ યાદ અપાવે છે કે સપનાઓ અનુસરવા યોગ્ય છે અને સફળતા કરુણા તેમજ નમ્રતા સાથે રહી શકે છે. તેમણે ભારતીય એન્ટરપ્રાઇઝની શ્રેષ્ઠ પરંપરાઓ અને અખંડિતતા, શ્રેષ્ઠતા અને સેવાના મૂલ્યો પ્રત્યે અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

.................

## *PM LALKRUSHN ADVANI BIRTHDAY*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી ખાતે ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને ગઇકાલે તેમના નિવાસ્થાને જઈ 97માં જન્મદિવસ પર શુભચ્છાઓ પાઠવી હતી. શ્રી મોદીએ શોશિયલ મીડીયા પોસ્ટમાં લખ્યું હતું કે, ભારતના સૌથી પ્રશંસનીય રાજનેતાઓમાં, શ્રી અડવાણીએ ભારતના વિકાસને આગળ વધારવા માટે પોતાને સમર્પિત કર્યા છે. શ્રી મોદીએ વધુમાં ઉમેર્યું કે, શ્રી અડવાણી હંમેશા તેમની કુસાગ્ર બુદ્ધિ અને સમૃદ્ધ આંતરદૃષ્ટિ માટે આદર પામ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ તેમના લાંબા અને સ્વસ્થ જીવન માટે પણ પ્રાર્થના કરી હતી.

.................

## *GADKARI-RAIPUR*

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ગઈકાલે સાંજે છત્તીસગઢના રાયપુરમાં ઇન્ડિયન રોડ કોંગ્રેસના 83માં વાર્ષિક સત્રનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન શ્રી ગડકરીએ જણાવ્યું કે, દેશમાં વધતા જતા માર્ગ અકસ્માતો અને તેમાં

થતાં  મૃત્યુના આંકને રોકવા માર્ગોનું નિર્માણ કરતી વખતે માર્ગ સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી પડશે..  શ્રી ગડકરીએ વધુમાં ઉમેર્યું કે, રોડ એન્જીયરીંગ અને ઓટોમોબાઇલ એન્જીયરીંગમાં રહેલી ખામીઓ અંગેનો તટસ્થ પ્રોજેક્ટ રિપોર્ટ અધિકારીઓ અને ઈજનેરોએ આપવો પડશે તો જ આપણે રોડ એન્જિનિયરિંગમાં સુધારો કરી અકસ્માતોને કાબૂમાં રાખી લોકોના જીવન બચાવી શકીશું.. નોંધનીય છે કે, ચાર દિવસીય સત્રમાં બે હજારથી વધુ નિષ્ણાતો, વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે, જે સોમવારે સમાપ્ત થશે..

.................

## *IMD-WEATHER*

ભારતીય હવામાન વિભાગે આજે તામિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં વાવાઝોડાં અને વીજળીના ચમકારા સાથે ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન એજન્સીએ માહિતી આપી હતી કે આ પ્રદેશોમાં આ મહિનાની 12મી તારીખ સુધી ભારે વરસાદ વરસશે..  કેરળ, માહે, તટીય આંધ્રપ્રદેશ, યાનમ અને રાયલસીમામાં પણ 4-5 દિવસ દરમિયાન ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે હિમાચલ પ્રદેશમાં આગામી 2 દિવસ સુધી સવારના કલાકોમાં ગાઢ ધુમ્મસ જોવા મળે તેવી અપેક્ષા છે. આગામી 5 દિવસ દરમિયાન પશ્ચિમ હિમાલયન પ્રદેશમાં લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે 2-4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. હવામાન કચેરીએ વધુ આગાહી કરી છે કે બંગાળની ખાડીના કેટલાક ભાગો, ઉત્તર શ્રીલંકાના કિનારા અને આસપાસના વિસ્તારોમાં આગામી 2 દિવસમાં ઝંઝાવાતી પવનનો અનુભવ થવાની સંભાવના છે અને માછીમારોને આ વિસ્તારોમાં ન જવાની સલાહ આપી છે.

.................

## *TRUMP-ASSASINATION PLOT*

અમેરિકી સરકારે રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના નિષ્ફળ પ્રયાસ માટે આજે ત્રણ લોકો સામે આરોપો લગાવ્યાં છે. ન્યાય વિભાગે આજે ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસ માટે થયેલા ઈરાનના કાવતરાનો ખુલાસો કર્યો હતો. ફરહાદ શકરી પર આરોપ છે કે, તેને રિપબ્લિકન પક્ષના ઉમેદવારને મારી નાખવાનું કામ સોંપાયું હતું. અમેરિકાની સરકારે કહ્યું કે શકરીની ધરપકડ કરવામાં આવી નથી અને માનવામાં આવે છે કે તે ઈરાનમાં છે. અન્ય બે અમેરિકી નાગરિકોની પણ ગુરુવારે ન્યૂયોર્કના બ્રુકલિન અને સ્ટેટન આઇલેન્ડમાંથી ધરપકડ કરવામાં આવી હતી. જેઓને કોર્ટમાં હાજર કરાયા હતા, કેસનો ચુકાદોના આવે ત્યાં સુધી તેઓ અટકાયતમાં જ રહેશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *CJI FAIRWELL*

ભારતના મુખ્ય ન્યાયાધીશ, ડીવાય ચંદ્રચુડ રવિવારે સત્તાવાર રીતે નિવૃત્ત થશે, ન્યાયાધીશ સંજીવ ખન્ના સર્વોચ્ચ અદાલતના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ તરીકે તેમના અનુગામી તરીકેનો પદભાર સંભાળશે. સીજેઆઈના કાર્યકાળના અંતિમ દિવસે વિદાય ભાષણમાં ન્યાયાધીશ ચંદ્રચુડે તેમના અનુગામી ન્યાયાધીશ ખન્નાની એક સ્થિર અને સક્ષમ નેતા તરીકે પ્રશંસા કરી હતી.

શ્રી ચંદ્રચુડના કેટલાક સીમાચિહ્નરૂપ ચુકાદાઓમાં અયોધ્યા જમીન વિવાદ, સર્વસંમતિથી સમલૈંગિક સંબંધનું અનઅપરાધીકરણ અને અપરિણીત મહિલાઓ માટે ગર્ભપાતના અધિકારોનો સમાવેશ થાય છે . સીજેઆઈ ચંદ્રચુડે 11 નવેમ્બર, 2022 ના રોજ મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેમજ 2016થી તેઓ સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ તરીકે ફરજ બજાવતા હતા..

.................

## *ISRAELI SOCCER FANS-ATTACKED*

નેધરલેન્ડ્સમાં, એમ્સ્ટરડેમમાં ડચ ટીમ એજેક્સ અને મકાબી તેલ અવીવ વચ્ચેની ફૂટબોલ મેચ દરમિયાન ઇઝરાયલી સોકર ચાહકો પર હુમલો કરવામાં આવ્યો હતો, ડચ સત્તાવાળાઓએ આજે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા પાંચ લોકોની હોસ્પિટલોમાં સારવાર કરવામાં આવી હતી અને ગઈકાલે રાત્રે બનેલી ઘટના બાદ 62 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ઇઝરાયેલી સોકર ચાહકો પરના હુમલાની ઇઝરાયેલ અને સમગ્ર યુરોપ દ્વારા ટીકા કરવામાં આવી હતી. ડચ વડા પ્રધાન ડિક શૂફે જણાવ્યં હતું કે તેઓ ઇઝરાયેલના નાગરિકો પરના વિરોધી હુમલાઓથી હતપ્રત થઇ ગયા હતા અને તેમણે ખાતરી આપી હતી કે ગુનેગારોને ઝડપી લેવામાં આવશે અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ગાઝામાં યુદ્ધની શરૂઆતથી જ યુરોપમાં યહૂદી વિરોધી ભાષણ, તોડફોડ અને હિંસાના બનાવો વધી રહ્યા છે.

.................

## *CRICKET INDIA VS SA*

દક્ષિણ આફ્રિકાના ડર્બન ખાતે ગઈકાલે રાત્રે રમાયેલ પ્રથમ ટી20 ક્રિકેટ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 61 રનથી હરાવી ચાર મેચની શ્રેણીમાં 1-0ની લીડ પ્રાપ્ત કરી છે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતી ફિલ્ડિંગ પસંદ કરતાં ભારતે 20 ઓવરમાં 202 બનાવ્યા હતા. જેમાં સંજુ સેમસને 10 સિક્સની મદદથી 50 બોલમાં

107 રનની ઇનિંગસ રમી હતી. જવાબમાં 203ના લક્ષ્યનો પીછો કરતાં  દક્ષિણ આફ્રિકાની સમગ્ર ટીમ 17.5 ઓવરમાં 141 રન પર  સમેટાઈ ગઈ હતી. ભારત તરફથી વરુણ ચક્રવર્તી અને રવિ બિશ્નોઈએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. સંજુ સેમસનને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. હવે બીજી ટી20 મેચ આજે  ગ્કબેરહાના સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે રમાનાર છે.

.................

## BIHAR-RAILWAYS SPECIAL TRAINS

પૂર્વ-મધ્ય રેલ્વે આગામી 15 દિવસમાં 446 સ્પેશિયલ ટ્રેનો ચલાવી રહી છે જેથી છઠ પૂજાની ઉજવણી બાદ બિહારથી પરત ફરતા મુસાફરોના ધસારાને નિયંત્રિત કરી શકાય. દેશભરના વિવિધ શહેરોમાં પાછા જતા મુસાફરોની મુસાફરીની સુવિધા માટે આ વિશેષ સેવાઓ ગઈકાલે શરૂ થઈ છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, મુખ્ય જનસંપર્ક અધિકારી સરસ્વતી ચંદ્રાએ જણાવ્યું હતું કે, આ વર્ષે વધેલી માંગને પહોંચી વળવા માટે ગયા વર્ષની સરખામણીમાં 70 થી વધુ વધારાની ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

શ્રી ચંદ્રાએ જણાવ્યું હતું કે, સ્ટેશનો પર ભીડનું સરળ સંચાલન સુનિશ્ચિત કરવા માટે, રેલ્વેએ પટના, દાનાપુર, રાજેન્દ્ર નગર, સમસ્તીપુર અને અન્ય મુખ્ય સ્ટેશનો સહિત મુખ્ય સ્થાનો પર વિષેશ વ્યવસ્થઆ કરી છે. તેમણે કહ્યું કે, આ પગલાંનો હેતુ પ્લેટફોર્મ પર ભીડને રોકવા અને નાસભાગ જેવી પરિસ્થિતિને ટાળવાનો છે. સીપીઆરઓએ એ પણ નોંધ્યું હતું કે, ઉત્તર ભારતમાં નવી દિલ્હી અને આનંદ વિહારના મુખ્ય સ્ટેશનો ઉપરાંત, પૂર્વ મધ્ય રેલ્વે પશ્ચિમ અને દક્ષિણ ભારતના શહેરો માટે અસંખ્ય ટ્રેનોનું સંચાલન કરાઇ રહ્યુ છે

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

# મારા સહયોગી હર્ષલ પંડ્યા

- આજના અખબારોના અલગ અલગ સમાચારોને પહેલા પેજ ઉપર સ્થાન મળ્યું છે જેમા - મહારાષ્ટ્ર ચૂંટણી પ્રચાર , જમ્મુકાશ્મીરમાં કલમ 370 હટાવવાના મામલે હંગામો, એમમયુને લઘુમતિ દરજ્જા અંગેના સુપ્રીમ કોર્ટના નિર્દેશના સમાચારનો સમાવેશ થાય છે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, દુનિયાની કોઈ તાકાત કલમ 370 પાછી નહીં લાવી શકે- આ સમાચારને સંદેશ દૈનિકે પ્રથમ પાને સ્થાન આપ્યું છે..
- દિવ્યભાસ્કર લખે છે કે- ગુજરાતમાં ખરાબ હવામાનથી 102 દિવસોમાં જ 200 વ્યક્તિઓના મોત નોંધાયા છે. આ સમાચારને ગુજરાત સમાચારે પણ પ્રથમ પાને સ્થાન આપતા લખ્યું છે કે, દેશભરમાં વિષમ હવામાનથી 9 મહિનામાં 3200થી વધુના મોત થયા..
- નોટબંધીના 8 વર્ષ પૂર્ણ - આ સમાચારને પણ દિવ્યભાસ્કર, ગુજરાત સમાચાર સહિતના અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે..
- તમામ અખબારોએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ચંદ્રચુડની વિદાયના સમારંભને પણ પ્રથમ પાને સ્થાન આપ્યું છે..
- આ ઉપરાંત તમામ અખબારોમાં ભારતે દક્ષિણ આફ્રિકાને પહેલી ટી-20માં હરાવ્યુ હતુ તે સમાચારને સ્પોર્ટ્સ પેજ ઉપર છાપ્યાં છે..આ ઉપરાંત અમેરિકામાં ટ્રમ્પના વિજયના સમાચાર પણ અલગ અલગ રીતે દરેક અખબારોએ કવર કર્યાં છે.
- ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં 0.25 ટકાનો ઘટાડો કર્યો તે સમાચાર વ્યાપરના પેજ ઉપર જોવા મળી રહ્યાં છે

--------------